જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૧/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૨/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી, ૧૭૦ લીટર દેશી દારૂ, ૨૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૨ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૭૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૩૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૩૪/૨૦૨૬**

નારોલઃ અમિતભાઇ પ્રવિણભાઇ પટેલ (ઉ.વ.૪૭)(રહે.જંકાર એસ.બી.આઇ. સ્ટાફ સોસાયટી, વેજલપુર) એ તા.૦૬/૦૧/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે નવેમ્બર/૨૦૨૫ મહીનાના અલગ–અલગ દિવસે એન.આઇ.ડી.સી. લાંભા પાસે આવેલ “સ્ટોવેક ઇન્ડસ્ટ્રીઝ” નામની અમિતભાઈની કંપનીમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, કંપનીમાંથી આશરે ૧૦૦ કિલો નિકલ ની કાચી ધાતુ આશરે કિમત ૧,૨૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી આર.ડી.સાબડ ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર યાદી નં.૩૫/૨૦૨૬**

રામોલઃ પંકજ સ/ઓ માનસિંગ કટારા (ઉ.વ.૧૭)(રહે.પાણીની ટાંકી પાસે જામફળવાડી સી.ટી.એમ રામોલ મુળ વતનઃ– કટારા ફળિયુ બોરકુડા ગામ તાઃ–સજજનગઢ જીઃ–બાસવાડા રાજસ્થાન) નાઓ તા.૦૬/૦૧/૨૦૨૬ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા ન્યુ મણીનગર કર્ણાવતી રિવેરા સોસાયટીની સામે રોડનું કામ કરવા માટે મજુરીકામે ગયા હતા ત્યારે રોડ ઉપર ગટર નાંખવા માટે કરેલ ખાડામાં આકસ્મિક રીતે ભેખડ ખસવાથી પડી જતા, શરીરે ગંભીર ઇજાઓ થતાં તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી હરેશભાઇ મથુરભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૩૬/૨૦૨૬**

નારોલઃ અનિતા નિકેશ રાણા (૩.વ.૨૩)(રહે. આકૃતિ સ્ટેટસ ભારત પેટ્રોલ પંપ પાછળ અસલાલી હાઈવે નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૧/૨૦૨૫ સવારના ૮/૧૫ વાગ્યા પહેલા રહેણાંક મકાનમાં બેડરૂમની બારીની ગ્રિલ સાથે કમરે પહેરવાનો કપડાનો પટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી "કે" ડીવીઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી